**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

**મો.૮૮૬૬૦૬૬૦૬૦**

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અધિક જેઠ વદ - ૦૭ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૮૭ ● તારીખઃ ૦૭.૦૬.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની PM-EAC સાથે મહત્ત્વની બેઠકઃ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારતના આર્થિક વિકાસને વેગ આપવા મંથન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે વડાપ્રધાન આર્થિક સલાહકાર પરિષદના સભ્યો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. ભુ-રાજકીય તણાવ, વેપાર ક્ષેત્રની અનિશ્ચિતતાઓ અને અસમાન વિકાસદર જેવા વૈશ્વિક પડકારો વચ્ચે ભારતના આર્થિક વિકાસને વધુ ગતિશીલ કેવી રીતે બનાવવો, તે માટે બેઠકમાં વિવિધ ઉપાયો પર વિસ્તૃત વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં દેશમાં 'ઇઝ ઓફ લિવિંગ' અને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ની સ્થિતિને વધુ સુદ્રઢ કરવા માટે જરૂરી વહીવટી અને માળખાકીય સુધારાઓ પર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટની ભારત અને વૈશ્વિક અર્થતંત્ર પર થઈ રહેલી અસરોનું પણ ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

વૈશ્વિક કટોકટી અને આયાતી ઇંધણ પરની નિર્ભરતા ઘટાડી દેશની આર્થિક મજબૂતી જાળવી રાખવા માટે વડાપ્રધાને દેશના નાગરિકોને સાત મહત્ત્વપૂર્ણ અપીલો કરી છે. તેમણે લોકોને શક્ય હોય ત્યાં સુધી 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા, ઇંધણનો વપરાશ ઘટાડવા, એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ટાળવા, સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ વધારવા, રસોઈ તેલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા, કુદરતી ખેતી અપનાવવા અને સોનાની ખરીદીથી દૂર રહેવા અનુરોધ કર્યો છે.

આ ઉપરાંત, ઇંધણના ભાવમાં થતા ઉતાર-ચઢાવનો સામનો કરવા માટે તેમણે મેટ્રો અને જાહેર પરિવહનનો આગ્રહ રાખવા, ખાનગી વાહનોમાં કારપૂલિંગ કરવા, માલ પરિવહન માટે રેલવેને પ્રાથમિકતા આપવા તેમજ ઇલેક્ટ્રિક વાહનો (EV) નો વધુ ઉપયોગ કરવાની સલાહ આપી છે.

વૈશ્વિક પડકારોની વચ્ચે પણ ભારતીય અર્થતંત્રે પોતાની મજબૂત પકડ જાળવી રાખી છે. ૫ જૂને જાહેર થયેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળા (Q4) માં ભારતના અર્થતંત્રએ બજારની તમામ અપેક્ષાઓ કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે. આ સમયગાળા દરમિયાન દેશનો વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર ૭.૮ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે, જ્યારે સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એકંદર આર્થિક વિકાસ દર ૭.૭ ટકા જેટલો ઊંચો નોંધાયો છે, જે ભારતની આર્થિક સ્થિરતા દર્શાવે છે.

## ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમી વચ્ચે હવામાન પલટાયું

### આગામી સાત દિવસ વાદળછાયા માહોલ સાથે વરસાદની આગાહીઃ સૌરાષ્ટ્રના દરિયાકાંઠા અને દક્ષિણ ગુજરાતના આ જિલ્લાઓમાં વરસાદી ઝાપટાંની શક્યતા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પડી રહેલી તીવ્ર ગરમી વચ્ચે હવે વાતાવરણમાં ધીમે-ધીમે મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની તાજી આગાહી અનુસાર, રાજ્યમાં આગામી સાત દિવસ સુધી વાદળછાયું વાતાવરણ રહેવાની પૂરેપૂરી સંભાવના છે. આ સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે, હાલમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવી મજબૂત સિસ્ટમ સક્રિય થવાને કારણે હવામાનમાં આ અચાનક પલટો આવ્યો છે, જેના પ્રભાવથી આગામી દિવસોમાં અનેક વિસ્તારોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીનો માહોલ જામશે. હવામાન વિભાગના બુલેટિન મુજબ, દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, તાપી અને સુરત જિલ્લામાં આજે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા સેવાઈ રહી છે. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદર નગર હવેલીના વિસ્તારોમાં પણ વાતાવરણમાં પલટો આવી શકે છે. બીજી તરફ, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓ જેવા કે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં પણ હળવા વરસાદની સંભાવના વ્યક્ત

અનુ પાના નં.૨ પર

## સુરત અને ભરૂચમાં 'તંત્ર'ના નામે ગેરકાયદે ડિમોલિશનનો મોટો વિવાદઃ વિનુ મોરડીયાના સવાલોથી ભાંડો ફૂટ્યો

### ભરૂચના આમોદમાં પણ મનપા જેવો જ ઘાટઃ શ્રમિકોની ગેરહાજરીમાં 30 ગરીબોના આવાસ પર બુલડોઝર ફેરવી દેવાયું

**સમય સંદેશઃ સુરત**



સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં આવેલા નાસીરનગરમાં થયેલી ડિમોલિશનની એક રહસ્યમય કાર્યવાહીને લઈને વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ૩૦ મે થી ૧ જૂન દરમિયાન સતત ત્રણ દિવસ સુધી ચાલેલા આ ડિમોલિશનમાં અંદાજે ૧૦૬ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા, જેના કારણે લગભગ ૧૦૦ જેટલા ગરીબ પરિવારો બેઘર બનીને રસ્તા પર આવી ગયા છે. આ મામલે કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ સંકલન બેઠકમાં ગંભીર સવાલો ઉઠાવી તંત્ર પાસેથી સ્પષ્ટતા માંગતા મોટો ભાંડો ફૂટ્યો છે. ધારાસભ્યએ ખુલાસો કર્યો છે કે તંત્રના

અનુ પાના નં.૨ પર

## કોકરોચ પાર્ટીનું વિરોધ પ્રદર્શન પૂર્ણ, શિક્ષણમંત્રીના રાજીનામાંની માંગ સાથે અભિજીતે કહ્યું- આ તો માત્ર ટ્રેલર

**સમય સંદેશઃ નવીદિલ્હી**




શનિવારે સવારથી દિલ્હીના જંતર-મંતર પર ચાલી રહેલું 'કોકરોચ જનતા પાર્ટી'નું પહેલું મોટું ઓન-ગ્રાઉન્ડ પ્રદર્શન હવે સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયું છે. પ્રદર્શન પૂરું થયા બાદ આંદોલનકારીઓને શાંતિપૂર્વક ઘરે પરત ફરવાની અપીલ કરવામાં આવી છે. આ પ્રદર્શન પૂરું થતાં જ આંદોલનના સ્થાપક અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને સરકારને ચેતવણી આપી છે કે, આ તો બસ એક ટ્રેલર હતું!

સીજેપી સ્થાપક અભિજીત દીપકેએ પ્રદર્શન સમાપ્ત થયા બાદ એક્સ પર લખ્યું કે, માતા-પિતાને મળવા ઘરે જઈ રહ્યો છું, તેમને છેલ્લી વાર મળ્યાને ૧ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. છેલ્લા ૧૫ દિવસમાં તેમને ઘણી તકલીફ પડી છે અને

અનુ પાના નં.૨ પર

## જી. એસ. મલિક ગુજરાતના નવા DGP, ગૃહ વિભાગ દ્વારા સત્તાવાર જાહેરાત

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતના નવા પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) તરીકે જી.એસ. મલિકની કાયમી નિમણૂક કરવામાં આવી છે. આ પહેલાં ૧ જાન્યુઆરીથી કે.એલ.એન. રાવ ઇન્ચાર્જ ડીજીપી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. લગભગ પાંચ મહિના સુધી ચાર્જ સંભાળ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા કાયમી ડીજીપી તરીકે જી. એસ. મલિકની પસંદગી કરવામાં આવી છે. ૧૯૯૩ બેચના આઈપીએસ અધિકારી જી. એસ. મલિક રાજ્ય પોલીસ દળના સર્વોચ્ચ પદની જવાબદારી સંભાળશે. હવે અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે કોની નિમણૂંક કરવામાં આવે તે જોવું રહ્યું.

ગુજરાત સરકારના ગૃહ વિભાગે રાજ્યના પોલીસ તંત્રમાં મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર જાહેર કરતાં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર અને ૧૯૯૩ બેચના વરિષ્ઠ IPS અધિકારી જ્ઞાનેન્દ્રસિંહ (જી. એસ.) મલિકને



ગુજરાતના નવા ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (IGP) તરીકે નિયુક્ત કર્યા છે. તેમની નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવી છે.

રાજ્યમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી વરિષ્ઠ IPS અધિકારી કે. એલ. એન. રાવ ઇન્ચાર્જ ડીજીપી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. લગભગ પાંચ મહિનાના સમયગાળા બાદ રાજ્ય સરકાર દ્વારા કાયમી ડીજીપીની નિમણૂક કરવામાં આવતા પોલીસ બેડામાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્માના હસ્તાક્ષર સાથે ૬ જૂન, ૨૦૨૬ના રોજ સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જાહેરનામા મુજબ, અમદાવાદ પોલીસ કમિશનર તરીકે સેવા આપી રહેલા જી. એસ. મલિકને રાજ્યના સર્વોચ્ચ પોલીસ પદે બઢતી સાથે

અનુ પાના નં.૨ પર

## હવે અખબારમાં ભોજન પીરસવામાં આવશે તો કાર્યવાહી

### અખબારમાં લપેટીને અપાતું ભોજન કેન્સરને આમંત્રણ આપે છેઃ FSSAIએ મૂક્યો પ્રતિબંધ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

જો તમે પણ રસ્તાની બાજુમાં લારીમાંથી ગરમા ગરમ વડાપાવ, સમોસા કે ચાટ અખબારમાં લપેટીને ખાવાનો શોખ ધરાવતા હોવ તો સાવધાન રહો. આ પસંદગી તમને ગંભીર રીતે બીમાર કરી શકે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ હવે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. એનડીટીવીના રિપોર્ટ અનુસાર, FSSAIએ દેશભરના તમામ ખાદ્ય વિક્રેતાઓ, રેસ્ટોરન્ટ માલિકો, સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ અને ખાદ્ય વ્યવસાય સંચાલકોને કડક ચેતવણી જાહેર કરી છે, જેમાં તાત્કાલિક અસરથી અખબારમાં ખાદ્ય પદાર્થોનું પેકેજિંગ અથવા પીરસવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સત્તામંડળે દેશભરના રેસ્ટોરન્ટ માલિકો, સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ, કેટરર્સ, ક્લાઉડ કિચન, ફૂડ સ્ટોલ અને અન્ય ખાદ્ય વ્યવસાય સંચાલકોને તાત્કાલિક ખાદ્ય પદાર્થો માટે છાપાનો ઉપયોગ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે. મુંબઈમાં તાજેતરમાં કરવામાં આવેલી મોટી કાર્યવાહી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુંબઈમાં એક ખૂબ જ પ્રખ્યાત વડાપાવ વિક્રેતા ગ્રાહકોને અખબારમાં ખોરાક પીરસતો અને પેકિંગ કરી આપતો જોવા મળ્યો હતો. આ ઘટના બાદ

અનુ પાના નં.૨ પર

## જામનગર GSECL માં ભૂકંપ મોકડ્રિલ યોજાઈઃ ૭.૨ની તીવ્રતાના ભૂકંપનો સામનો કરવાની તૈયારી ચકાસાઈ








તસવીરઃ હિરેન ગાંધી







**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ સિક્કા, જામનગરમાં આવેલ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ ખાતે ભૂકંપ અંગેની મેગા મોકડ્રિલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો હેતુ આપત્તિ સમયે ત્વરિત અને અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવાનો હતો. આ મોકડ્રિલમાં ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવવાની કલ્પના કરવામાં આવી હતી, જેનું કેન્દ્રબિંદુ કચ્છના અખાતમાં નોંધાયું હતું. ભૂકંપના કારણે કારીગરોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.કલ્પિત પરિસ્થિતિમાં ૧૧ લોકો ઇજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અન્ય લોકોનું પણ મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.આ મોકડ્રિલનો મુખ્ય હેતુ વિવિધ વિભાગો વચ્ચે સંકલન, બચાવ કામગીરીની તૈયારીઓ અને આપત્તિ સમયે ઉપલબ્ધ સંસાધનોની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો હતો.મોકડ્રિલ દરમિયાન ભૂકંપની કલ્પિત પરિસ્થિતિ ઊભી કરવામાં આવી હતી, જેમાં રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોમાં નુકસાન, લોકો ઘાયલ થવા તેમજ ઇમારતોમાં લોકો ફસાઈ જવાની ઘટનાઓ દર્શાવવામાં આવી હતી.

પરિસ્થિતિને અનુરૂપ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, અગ્નિશામક દળ, આરોગ્ય વિભાગ, રાજ્ય આપત્તિ પ્રતિસાદ દળ, ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ તેમજ સ્વયંસેવક સંસ્થાઓએ સક્રિય ભાગ લીધો હતો.બચાવ ટીમોએ ઘાયલોને સુરક્ષિત સ્થળે ખસેડવા, પ્રાથમિક સારવાર પૂરી પાડવા, ફસાયેલા લોકોને બહાર કાઢવા તથા જોખમગ્રસ્ત વિસ્તારોને સુરક્ષિત કરવાની કામગીરીનું જીવંત પ્રદર્શન કર્યું હતું.


મોકડ્રિલ દરમિયાન ઇન્સિડન્ટ કમાન્ડ સિસ્ટમ અંતર્ગત વિવિધ વિભાગો વચ્ચે સંકલન અને સંચાર વ્યવસ્થાની પણ ચકાસણી કરવામાં આવી હતી. ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સમગ્ર કામગીરીનું નિરીક્ષણ

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### મમતા.. હવે તેમના જ લોકોને નથી ગમતા !

તૃણમૂલ કોંગ્રેસનું વિભાજન કંઈક અલગ છે. એ સ્પષ્ટ છે કે અસંતુષ્ટ નેતાઓને મમતા બેનર્જીની પાર્ટી ચલાવવાની શૈલી, ખાસ કરીને તેમના ભત્રીજાને બઢતી આપવી ગમતી નહોતી. વડીલ અને અનુભવી નેતાઓ ક્યારેય પાર્ટીના વડા દ્વારા તેમના પુત્રો, પુત્રીઓ, અથવા ભાઈઓ અને ભત્રીજાઓને તેમના પર લાદવાનું સ્વીકારતા નથી. પરિવારલક્ષી પક્ષો ઘણીવાર એવા પરિવારના સભ્યોને પક્ષ પર લાદે છે જે સંપૂર્ણપણે બિનઅનુભવી હોય છે. રાજકીય પક્ષોમાં પણ ભાગલા વધુ સામાન્ય છે જેમની પાસે વિચારધારાનો અભાવ હોય છે. તૃણમૂલ કોંગ્રેસની વિચારધારા નક્કી કરવી એટલી જ મુશ્કેલ છે જેટલી આમ આદમી પાર્ટી માટે છે, જે તાજેતરમાં વિભાજનનો ભોગ બની છે. લોકશાહી નીતિઓ અથવા કોઈ ચોક્કસ જાતિ અથવા સમુદાયને ખુશ કરીને રાજકીય પક્ષ લાંબા સમય સુધી ટકી શકતો નથી. અન્ય પક્ષોના નેતાઓ સત્તાની લાલચમાં આવી પાર્ટીઓમાં જોડાય છે, પરંતુ સત્તા ગુમાવતાની સાથે જ તેઓ અન્ય સ્થાનો શોધવાનું શરૂ કરે છે. તૃણમૂલ કોંગ્રેસે ભલે પોતાનો કાર્યકર્તા વર્ગ બનાવ્યો હોય, પરંતુ એ કોઈ રહસ્ય નથી કે પાર્ટીના મોટાભાગના નેતાઓ પોતાના હિતોને પૂર્ણ કરવા માટે અન્ય પક્ષોમાંથી આવ્યા હતા. આમાંથી મોટાભાગના ડાબેરી પક્ષોમાંથી આવ્યા હતા, અને કદાચ આ જ કારણ છે કે મમતા બેનર્જી એ ડાબેરી પક્ષો જેવી જ રણનીતિ અપનાવી હતી. આવું ભવિષ્યમાં ભાજપમાં પણ થઈ શકે છે કારણ કે એમાંય આગંતુકોની સંખ્યા બહુ મોટી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં હાર બાદ, ટીએમસી આંતરિક કટોકટીનો સામનો કરી રહી છે. મમતા બેનર્જી પાર્ટીને એક રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ ધારાસભ્યોની બેઠકોમાં ઓછી હાજરી, હકાલપટ્ટી અને બળવાના દાવાઓએ પરિસ્થિતિને વધુ ખરાબ કરી છે. કાર્યકરોમાં અસ્વસ્થતા અને નેતાઓમાં અસંતોષ વચ્ચે, પાર્ટીની એકતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી, ટીએમસી સતત મુશ્કેલીઓથી ઘેરાયેલી છે. સત્તા ગુમાવવા સાથે, પાર્ટીમાં અસંતોષ સામે આવ્યો છે. અને ચાલી રહેલા આંતરિક ઝઘડાને જોતાં, પાર્ટીનું વિભાજન સગી આંખે જોઈ શકાય છે. મમતા બેનર્જીની પ્રતિષ્ઠા એક લડાયક નેતા તરીકે છે જેમણે જમીન પર દરેક રાજકીય લડાઈ લડી છે. તેઓ સન ૨૦૧૧ માં ૩૪ વર્ષ જૂની ડાબેરી સરકાર સામે અસંતોષ વ્યક્ત કરીને મુખ્યમંત્રી પદ પર પહોંચ્યા હતા. પંદર વર્ષ પછી, હવે વિરોધ પક્ષમાં, તેઓ ફરીથી શેરી રાજકારણમાં જોડાઈ રહ્યા છે.

# હાલારના હાલહવાલ

## પુરૂષોત્તમ માસમાં દ્વારકામાં છલકાયો ભક્તિસાગર

### ગોમતી ઘાટે સ્નાન અને દ્વારકાધીશના દર્શન માટે યાત્રિકોની ભારે ભીડ




**સમય સંદેશઃ દ્વારકા**

પવિત્ર પુરૂષોત્તમ માસના શુભ પર્વ નિમિત્તે ભગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારકામાં ભક્તોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા હજારો શ્રદ્ધાળુઓએ ગોમતી નદીના પવિત્ર જળમાં આસ્થાપૂર્વક સ્નાન કરી ધાર્મિક વિધિઓ અને પૂજન અર્ચન કર્યા બાદ ભગવાન દ્વારકાધીશ મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગોમતી ઘાટ પર વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ખાસ કરીને મહિલા યાત્રિકોએ પરંપરાગત વેશભૂષામાં પૂજા, પાઠ, ભજન, કીર્તન અને ધાર્મિક અનુષ્ઠાનોમાં ભાગ લઈ ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. સમગ્ર ગોમતી તટ ''જય દ્વારકાધીશ''ના જયઘોષ અને ભક્તિ ગીતોથી ગુંજી ઉઠ્યો હતો. મહિલા ભક્તોએ લોકપ્રિય ભક્તિભજનોના સ્વરો સાથે ગોમતી નદીના કિનારે રાસ ગરબાનું પણ આયોજન કર્યું હતું. ''અંબુડું જાંબુડું કેરી ને કોઠી બડું'' જેવા પરંપરાગત ભજનો પર ભક્તો ભાવ વિભોર બની નૃત્ય કરતા જોવા મળ્યા હતા. ભક્તિ, આસ્થા અને સાંસ્કૃતિક પરંપરાનો અનોખો સમન્વય જોવા મળતા સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક રંગે રંગાઈ ગયો હતો. પુરૂષોત્તમ માસ દરમિયાન દ્વારકામાં યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. યાત્રિકોની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખી સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા જરૂરી વ્યવસ્થા ઓ ગોઠવવામાં આવી છે. ગોમતી ઘાટ અને મંદિર પરિસરમાં ભક્તોની અવરજવર સુચારૂ રીતે ચાલુ રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર પુરૂષોત્તમ માસના આ શુભ અવસરે દ્વારકામાં ઉમટેલી શ્રદ્ધાળુઓની ભીંડ ફરી એકવાર સાબિત કર્યું છે કે ભગવાન દ્વારકાધીશ પ્રત્યે ભક્તોની અડગ શ્રદ્ધા અને આસ્થા આજે પણ એટલી જ અખંડિત છે.

## ખંભાળીયાઃ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મોબાઈલ હેલ્પ યુનિટના કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત ધન્વંતરી આરોગ્ય રથ અને મોબાઈલ હેલ્થ યુનિટના કર્મચારીઓએ દ્વારકા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજ્યો હતો. પર્યાવરણના સંરક્ષણ અને સંતુલન જાળવવા માટે વૃક્ષોની મહત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પૃથ્વીનું હરિયાળું આવરણ વધારવાનો, હવાની ગુણવત્તામાં સુધારો લાવવાનો તેમજ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. આ પ્રસંગે ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસના પ્રોજેક્ટ કોર્ડિનેટર જગદીશ બામરોટીયાએ જણાવ્યું હતું. કે, આરોગ્ય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા માત્ર તબીબી સેવાઓ પૂરતી મર્યાદિત નથી. સ્વસ્થ અને હરિયાળું વાતાવરણ નિર્માણ કરીને સમગ્ર સમાજની સુખાકારી માટે અમે સતત કાર્યરત છીએ. વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ હરિયાળું અને સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. સાથે જ આ પહેલ આબોહવા પરિવર્તન સામેની વૈશ્વિક લડતમાં અમારા સક્રિય સહભાગિતાને પણ પ્રતિબિંબિત કરે છે.

## દ્વારકામાં જળાશયોમાં ન્હાવા પર પ્રતિબંધઃ જાહેરનામુ પ્રસિદ્ધ

**સમય સંદેશઃ દ્વારકા**

ગુજરાત રાજ્યમાં જુદા-જુદા જિલ્લાઓમાં આવેલા જળાશયોમાં નહાવા પડેલી વ્યક્તિઓના ડુબી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આવી દુર્ઘટનાઓથી જીવ ગુમાવ્યાના કિસ્સા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ બનવા ન પામે તે માટે તકેદારી રાખવા તેમજ આવા સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો હરવા ફરવા માટે આવતા હોય છે. ડેમ, જળાશય, નદી કાંઠે નહાવા કે અન્ય કારણોસર જતા દુર્ઘટનાઓ થતી હોય છે.

જેથી આવા સ્થળોએ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગ રૂપે નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ તથા ચેકડેમ તેમજ એવા સ્થળો કે જ્યા વધુ પ્રમાણમાં જળ સંગ્રહ થયેલ હોય તેવા જળાશયોમાં નાહવા કે અન્ય કારણોસર લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકા જિલ્લાના જળાશયો (નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ, સિંચાઇ યોજનાઓ વિગેરે) પર નાહવા કે અન્ય કારણોસર લોકોના પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું તા. ૨૩ જુલાઈ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## ખેતીની જમીનમાં જવાનો રસ્તો ખુલ્લો કરવા મામલતદારનો હુકમ

**સમય સંદેશઃ ખંભાળિયા**

કંડોરણા ગામે ખેડૂતને ખેતીની જમીનમાં જવા આવવાનો બંધ કરેલ રસ્તો ખુલ્લો કરી આપવાનો આદેશ ખંભાલીયાના મામલતદારે કર્યો હતો. આ કેસની હકીકત એવી છે. ખંભાલીયા તાલુકાના કંડોરણા ગામના ખાતેદાર ખેડુત આહેર ગોવાભાઈ રામશીભાઈની ખેતીની જમીનની બાજુમાં તેમના સગા ભત્રીજા પુનીત કેસુર નંદાણીયાની ખેતીની જમીન આવેલ હોય અને ગોવાભાઈ રામશીભાઈની ખેતીની જમીનમાં જવા આવવાનો એકમાત્ર રસ્તો તેમના ભત્રીજા પ્રતિવાદી પુનીત કેસુર નંદાણીયાએ બંધ કરી દેતા ગોવાભાઈ રામશીભાઈએ મામલતદારશ્રી ખંભાલીયા સમક્ષ મામલતદાર કોર્ટ એકટ કલમ - ૫ મુજબ રસ્તો ખુલ્લો કરી આપવાનો દાવો દાખલ કરેલ જે દાવો મામલતદાર સમક્ષ ચાલી જતાં તેમાં વાદી ગોવાભાઈ રામશીભાઈ તરફે રોકાયેલ એડવોકેટ કલ્પેશભાઈ એમ. નકુમની દલીલ તથા રજુ કરેલ આધાર પુરાવાઓ ધ્યાને લઈ મામલતદાર ખંભાલીયાએ પુનીત કેસુર નંદાણીયા વિરૂધ્ધ દિવસ - ૭ માં રસ્તો પૂર્વવ્રત સ્થિતિમાં કરી ખુલ્લો કરી આપવાનો ન્યાયી હુકમ ફરમાવેલ છે.

## સૌરાષ્ટ્ર યુનિ. કર્મચારી કો-ઓપ. હાઉસિંગ સોસા.ના હોદ્દેદારોએ રાજકોટના નવનિયુકત મેયર ડો. નેહલ શુક્લ અને ડે. મેયર શ્રીમતી દક્ષાબેન વસાણીની શુભેચ્છા મુલાકાત લીધી




**સમય સંદેશઃ રાજકોટ**

૧૯૭૨માં સ્થપાયેલ અને જેને રાજકોટ મહાનગરની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો આપવામાં આવ્યો છે તેવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.નાં હોદ્દેદારો દ્વારા રાજકોટ મહાનગરના નવનિયુકત મેયર ડો. નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર શ્રીમતી દક્ષાબેન વસાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ હાઉસીંગ સોસાયટીના વિકાસના કાર્યોમાં હંમેશા મદદરૂપ થનાર મેયર ડો. નેહલ શુક્લ અને ડેપ્યુટી મેયર શ્રીમતી દક્ષાબેન વસાણીનું સોસાયટીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ કે. ડોડીયા, સોસાયટીના મંત્રી અને જાણીતી સેવાભાવી સંસ્થા સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી અજયભાઈ જોશી, સહમંત્રી શ્રી અજયસિંહભાઈ પરમાર, સહમંત્રીશ્રી રમેશ સભાયા , કારોબારી સભ્ય તેમજ સોસાયટીના સિનિયર મેમ્બર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઈજનેર શ્રી ડી. પી. ત્રિવેદી દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ સોસાયટીનો સુવર્ણ જયંતી વર્ષનો અંક મેયર ડો. નેહલ શુક્લ અને ડે. મેયર શ્રીમતી દક્ષાબેન વસાણીને ભેટ આપવામાં આવેલ.

આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના મનપાને લગતા તમામ વિકાસના કામોમાં હંમેશા હકારાત્મક વલણ અપનાવીને સહયોગી બનનારા રાજકોટના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર શ્રીમતી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડીંગ કમીટીના પૂર્વ ચેરમેન શ્રી પુષ્કરભાઈ હરીભાઈ પટેલ, શહેર ભાજપના અગ્રણીશ્રી વિક્રમભાઈ પૂજારા તેમજ વોર્ડ નં-૯ નાં પ્રભારી શ્રી કુલદીપસિંહ જાડેજા તેમજ વોર્ડ નં.૯ના કોર્પોરેટર શ્રી રાજુભાઈ અઘેરા, શ્રી જયસુખભાઇ કાથરોટીયા, શ્રીમતી જાનકીબેન જીતુભાઈ કટોળીયા તેમજ પૂર્વ કોરપોરેટર શ્રી જીતુભાઇ કટોળીયાનો સોસાયટીના હોદ્દેદારો દ્વારા આભાર માનવામાં આવેલ.

## અનુસંધાન

### આવતીકાલથી શાળા

(પાના નં. ૪ થી આગળ)

રૂા. ૭થી ૮ હજારનો ખર્ચ સ્કૂલ ડ્રેસ, પૂસ્તકો, નોટબૂક, સ્ટેશનરી વગેરેમાં થાય છે જેમાં યુનિફોમમાં આશરે ૧૦ ટકા વધારો જોવા મળ્યો છે. સ્ટેશનરી, પુસ્તકોમાં હજુ કોઈ વધારો નથી પરંતુ, સ્ટેશનરી વિક્રેતાઓએ જણાવ્યું કે મોંઘવારીના કારણે આ વર્ષે ૩૦ ટકા ઘરાકી ઓછી જોવા મળે છે. કેટલાક વાલીઓ જૂના પૂસ્તકો, નોટબૂક ચલાવી રહ્યા છે. ગુજરાતમાં લોકોને જેવું જોઈએ, જ્યાં જોઈએ તેવું સરકારી શિક્ષણ પૂરું પડાતું નથી તે કારણે ખાનગી સ્કૂલોનું ચલણ વધ્યું છે અને નાછૂટકે વાલીઓ તેમાં સ્વનિર્ભર શાળામાં બાળક દીઠ વર્ષે રૂ.૫૦૦૦ ખર્ચ વધવા વકી બાળકોને બેસાડવા મજબૂર છે. એકંદરે આ વર્ષે મોંઘવારીને લીધે વિદ્યાર્થીઓને જ નહીં, વાલીઓને 'ભણતરનો ભાર' વધુ લાગશે.

### બાળકનું કરૂણ મોત

(પાના નં. ૪ થી આગળ)

બનાવ સ્થળે થોડા સમય સુધી કોઈના ધ્યાનમાં આવ્યું ન હતું. બાદમાં લોકોને જાણ થતાં દોડધામ સાથે અફરાતફરી મચી હતી. બાળકને બચાવવા સ્થાનિકો અને વોટરપાર્કના સ્ટાફ દ્વારા પ્રયત્ન કરાયા બાદ બાળકને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલીક જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરાતા પરિવારમાં અરેરાટી મચી હતી. આ. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને મોતના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### આંતરિક બદલી

(પાના નં. ૪ થી આગળ)

શાખામાં, આર.આર. ઝરૂને બેટ દ્વારકાથી જિલ્લા કંટ્રોલ રૂમમાં, વી.એન. સીંગરખીયાને ઓખાથી લીવ રીઝર્વમાં, એમ.આર. સવસેટાને કલ્યાણપુરથી લીવ રિઝર્વમાં. એસ.કે. બારડને સાયબર ક્રાઇમમાંથી કલ્યાણપુર પોલીસ મથકમાં અને આર.એચ. સુવાને વાડીનાર મરીનથી ભાણવડ પોલીસ મથકમાં બદલી કરવામાં આવ્યા છે.

### સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.

(પાના નં. ૪ થી આગળ)

આ વિવાદ વચ્ચે જઈઅ સામે કાનૂની જંગ પણ શરૂ થયો છે. પોરબંદર ડિસ્ટ્રિક્ટ (રૂરલ) એસોસિએશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એક રીટ પિટિશન દાખલ કરવામાં આવી છે, જેમાં આક્ષેપ કરાયો છે કે જઈઅ દ્વારા લોઢા કમિટીની ભલામણો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનું સરેઆમ ઉલ્લંઘન કરીને સગાવાદ ચલાવવામાં આવી રહ્યો છે. પિટિશનમાં એવો પણ ગંભીર ખુલાસો કરાયો છે કે, વર્ષ ૨૦૨૧માં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જઈઅ દ્વારા રૂ. ૩.૧૬ કરોડના ખર્ચે ટઈઙ કોર્પોરેટ બોક્સ ખરીદવામાં આવ્યું હતું. આ સાથે જ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા ક્રિકેટ એસોસિએશનોને ચૂંટણીમાં મત આપવાનો કે મેમ્બરશીપ મેળવવાનો અધિકાર ન આપીને અન્યાય કરાતો હોવાની તેમજ સંસ્થાના જ સભ્ય એવા સી.એ. પાસે નાણાકીય ઓડિટ કરાવીને ગેરવહીવટ છુપાવવામાં આવતો હોવાની દલીલ સાથે છેલ્લા ૧૦ વર્ષના હિસાબોનું તટસ્થ ઓડિટ કરાવવાની માંગ કરવામાં આવી છે.

### જીતેન્દ્રભાઈ કણજારીયા

(પાના નં. ૩ થી આગળ)

ભાજપના કાર્યકરો, આગેવાનો અને શુભેચ્છકો ઉપસ્થિત રહી આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. સમગ્ર કાર્યક્રમ હર્ષ, ઉત્સાહ અને સંગઠનપ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાના વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના મહામંત્રી રાજુભાઈ ભરવાડ દ્વારા કરવામાં આવ્યું હતું.

### પર બુલેટની ફેક નંબર પ્લેટ

(પાના નં. ૩ થી આગળ)

નંબર પ્લેટ બનાવડાવીને લગાવી હતી. પોલીસે એક્ટિવાની ડેકી ચેક કરતાં તેમાંથી એક્ટિવાનું અસલી બિલ અને ઓરિજનલ HSRP નંબર પ્લેટ (GJ-10-EK-1508) પણ મળી આવી હતી. પોલીસે રૂ. ૪૦,૦૦૦ ની કિંમતનું એક્ટિવા કબ્જે કરી, આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩) અને ૩૪૦(૨) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા માટે સીટી-બી પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. આ સફળ કામગીરી બદલ જામનગર પોલીસની બંને ટીમોની સરાહના થઈ રહી છે.

### ભૂકંપ મોકડ્રિલ યોજાઈ

(પાના નં. ૧ થી આગળ)

કરીને વિવિધ ટીમોને જરૂરી માર્ગદર્શન અપાયું હતું. મોકડ્રિલ બાદ તમામ વિભાગોની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને ભવિષ્યમાં આપત્તિ પ્રતિસાદ વ્યવસ્થાને વધુ સક્ષમ બનાવવા માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. નાગરિકોને પણ ભૂકંપ જેવી કુદરતી આપત્તિ સમયે સલામતીના નિયમો અને સાવચેતીઓ અંગે જાગૃત કરાયા હતા.

ઇન્સિડન્ટ કમાન્ડન્ટ ઓફિસર બ્રિજેશ કાલરીયાએ જણાવ્યું હતું કે, આવી મોકડ્રિલ્સ દ્વારા આપત્તિ સમયે પડકારોનો સામનો કરવાની ક્ષમતા વધે છે, કર્મચારીઓમાં આત્મવિશ્વાસ વિકસે છે અને જનસુરક્ષા માટે જરૂરી તૈયારીઓ વધુ મજબૂત બને છે. તેમણે ઉમેર્યું કે આપત્તિ વ્યવસ્થાપન માટેની તૈયારીઓ એક સતત પ્રક્રિયા છે અને આવી તાલીમાત્મક પ્રવૃત્તિઓ નિયમિતપણે યોજાતી રહેશે.આ મોકડ્રિલમાં ત્રજીઊઈક ના અધિકારીઓ, જામનગર જિલ્લા વહીવટી તંત્રના સંલગ્ન વિભાગની ટીમો અને લગત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હવામાન પલટાયું

(પાના નં. ૧ થી આગળ)

કરવામાં આવી છે. જો કે, આ વરસાદી માહોલ વચ્ચે પણ રાજ્યના વિવિધ ભાગોમાં ગરમીનો પ્રકોપ હજુ યથાવત છે, જેમાં અમદાવાદ ૪૧.૩ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે અને આજે ત્યાં પારો ૪૨ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે.

### ગેરકાયદે ડિમોલિશન

(પાના નં. ૧ થી આગળ)

અધિકારીઓ માત્ર રસ્તાની માપણી માટે ગયા હતા અને આ ડિમોલિશન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું નથી, જેથી હવે સવાલ એ ઊભો થયો છે કે ઓફિશિયલ ડ્રેસમાં આવીને ગેરકાયદેસર રીતે આટલા ઘરો કોણે તોડી પાડ્યા?

નાસીરનગરના સ્થાનિક રહેવાસીઓનો દાવો છે કે, આ આખી કાર્યવાહી દરમિયાન ચોક બજાર પોલીસ અને એસ.ઓ.જી.ના કર્મચારીઓ પણ સ્થળ પર હાજર રહ્યા હતા અને મનપાના નામે પોલીસ પ્રોટેક્શન લેવાયું હતું. આ ઘટના બાદ સુરત મહાનગરપાલિકા કે અન્ય કોઈ જવાબદાર વિભાગ દ્વારા અત્યાર સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર ન પાડવામાં આવતા રહસ્ય વધુ ઘેરૂ બન્યું છે. સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ છે અને તેઓ આક્ષેપ કરી રહ્યા છે કે કેટલાક વગદાર બિલ્ડરોને કરોડોની જમીનનો લાભ પહોંચાડવાના બદઇરાદાથી તંત્રના ઓથા હેઠળ આ મકાનો જમીનદોસ્ત કરાયા હોઈ શકે છે. હાલમાં ધારાસભ્યની રજૂઆત બાદ આ જગ્યા ખાલી કરાવનાર અજ્ઞાત તત્વો સામે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે.

### કોકરોચ પાર્ટીનું

(પાના નં. ૧ થી આગળ)

ધમકીઓને કારણે તેમણે ઘર છોડવું પડ્યું હતું. હવે તેમને પાછા ઘરે લઈ જઈશ. આજનો પ્રોટેસ્ટ તો બસ એક ટ્રેલર હતું. આટલી મોટી સંખ્યામાં આવવા માટે આપ સૌનો આભાર! આ આંદોલનની શરૂઆત ખૂબ જ રસપ્રદ અને કટાક્ષભરી રહી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંત દ્વારા કરવામાં આવેલી એક ટિપ્પણીના વિરોધમાં સોશિયલ મીડિયા પર મજાક તરીકે શરૂ થયેલી 'કોકરોચ જનતા પાર્ટી' હવે મોટું સ્વરૂપ ધારણ કરી રહી છે. અભિજીત દીપકે જ્યારે દિલ્હી એરપોર્ટ પર ઉતર્યા ત્યારે તેમના હાથમાં બાબાસાહેબ આંબેડકરની બાયોગ્રાફીનું પુસ્તક હતું. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પરીક્ષાઓના ટેન્શન અને કૌભાંડોના કારણે અત્યાર સુધીમાં ૫ વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી ચૂક્યા છે, જેથી શિક્ષણ મંત્રીએ પદ પર રહેવાનો કોઈ અધિકાર નથી.

### અખબારમાં ભોજન

(પાના નં. ૧ થી આગળ)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને સંયુક્ત રીતે દુકાન સામે કાર્યવાહી કરી હતી. આ ઘટના બાદ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે આ આદેશનો અનાદર કરનાર કોઈપણ દુકાનદાર કે વિક્રેતા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશ સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ, રેસ્ટોરન્ટ્સ, ક્લાઉડ કિચન, કેટરર્સ, ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ્સ, ફૂડ સ્ટોલ, નાના દુકાનદારો, મોબાઇલ ફૂડ વિક્રેતાઓ, ફેરિયાઓ વગેરે પર લાગુ થશે.

### જી. એસ. મલિક

(પાના નં. ૧ થી આગળ)

નિયુક્ત કરવામાં આવ્યા છે. જી. એસ. મલિક ૧૯૯૩ બેચના ગુજરાત કેડરના અનુભવી IPS અધિકારી છે. તેમણે રાજ્યના વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર કામગીરી સંભાળી છે અને વહીવટી ક્ષમતા, કાયદો-વ્યવસ્થા જાળવવાની કુશળતા તેમજ નેતૃત્વ માટે ઓળખ ધરાવે છે. અમદાવાદ પોલીસ કમિશનર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન શહેરમાં કાયદો-વ્યવસ્થા મજબૂત બનાવવા અને આધુનિક પોલીસિંગને પ્રોત્સાહન આપવા માટેના અનેક પગલાં લેવામાં આવ્યા હતા.

નોટિફિકેશન અનુસાર, તેમની નિમણૂક પે-મેટ્રિક્સના એપેક્સ સ્કેલ લેવલ-૧૭ હેઠળ રૂ. ૨.૨૫ લાખના નિશ્ચિત માસિક વેતન સાથે કરવામાં આવી છે. આ આદેશ રાજ્યપાલના નામે અને તેમના આદેશથી જારી કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગે આ નિમણૂકની માહિતી મુખ્યમંત્રી કચેરી, રાજ્યના વિવિધ વિભાગો, કેન્દ્રીય ગૃહ મંત્રાલય, યુપીએસસી તથા ગુજરાત કેડરના તમામ IPS અધિકારીઓને મોકલી આપી છે.

## છેલ્લે-છેલ્લે

### ગીરના સિંહોમાં જીવલેણ વાઈરસનો વિવાદ વધુ ઘેરો બન્યોઃ વનમંત્રીનો ઈનકાર અને DCFની સોશિયલ મીડિયા પોસ્ટે ખોલી પોલ

# જામનગરમાં બિલિયન સ્કૂલ સામેના જર્જરિત મકાન પર બુલડોઝર






જામનગરના લીમડા લાઈન વિસ્તારમાં આવેલી બિલિયન સ્કૂલની ઓપોઝિટ સાઈડમાં એક ખાનગી માલિકીનું મકાન અત્યંત જર્જરિત અને ભયજનક હાલતમાં ફેરવાઈ ગયું હતું, જેને પગલે મહાનગરપાલિકાની ઝડ્ય (ટાઉન પ્લાનિંગ ઓફિસર) શાખા દ્વારા અગાઉ જ મકાનમાલિકને આ અંગે કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી હતી. આ નોટિસ બાદ પણ યોગ્ય પગલાં ન લેવાતાં, સ્થાનિક લોકોની સુરક્ષાને ધ્યાને રાખીને આજે જામનગર મનપાની એસ્ટેટ શાખા અને ઝડ્ય શાખાની સંયુક્ત ટીમ દ્વારા સ્થળ પર પહોંચીને આ જર્જરિત મકાનને તોડી પાડવા માટે ડિમોલિશનની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને સંભવિત અકસ્માતનો ખતરો ટાળ્યો હતો. શહેરમાં આગામી વરસાદની સિઝનમાં આ પ્રકારના જોખમી મકાનોના કારણે જાનમાલનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# ખંભાળીયામાં રાજસભાના ઉમેદવાર જીતેન્દ્રભાઈ કણજારીયાનું ભવ્ય સ્વાગત તથા સન્માન કરાયું




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા સ્થિત દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમ ખાતે ભારતીય જનતા પાર્ટીના હાઈ કમાન્ડ દ્વારા રાજ્યસભાના સાંસદ પદના ઉમેદવાર તરીકે જાહેર કરાયેલા અને ખંભાળિયાના પૂર્વ ધારાસભ્ય સ્વ. મેઘજીભાઈ કણજારીયાના પુત્ર જીતેન્દ્રભાઈ કણજારીયાના સ્વાગત અને સન્માનનો ભવ્ય કાર્યક્રમ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના અધ્યક્ષ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપ દ્વારા યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, ખંભાળિયા વિધાનસભાના ધારાસભ્ય તથા પૂર્વ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, દ્વારકા વિધાનસભાના ધારાસભ્ય પબુભા માણેક, જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, રાજુભાઈ ભરવાડ, પરબતભાઈ ભાદરકા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ચીમનભાઈ નકુમ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કશ્યમભાઈ આહીર, નગરપાલિકાના પ્રમુખ વિજયભાઈ કણજારીયા, ખંભાળિયા તાલુકા પંચાયતના પ્રમુખ શક્તિસિંહ જાડેજા સહિત જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા અને મંડળ સંગઠનના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જીતેન્દ્રભાઈ કણજારીયા રાજ્યસભામાં ગુજરાત તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રશ્નોને અસરકારક રીતે રજૂ કરી પાર્ટી, પ્રદેશ અને જનતાની અપેક્ષાઓને સફળતાપૂર્વક પૂર્ણ કરશે તેમજ સંગઠનના મૂલ્યો અને કાર્યકર્તાઓની ભાવનાઓને વધુ મજબૂત અવાજ આપશે. આ કાર્યક્રમમાં સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી મોટી સંખ્યામાં

અનુ પાના નં.૨ પર

# જામનગરની રંગમતી ડેમના દરવાજા ખોલી પાણી છોડવા અંગે ચેતવણી




**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ચંગા ગામ પાસે આવેલી રંગમતી સિંચાઇ યોજનામાંથી નિચાણવાળા વિસ્તારમાં આવેલા ચેકડેમ ભરવા નદીમાં પાણી છોડવામાં આવશે. આગામી તા.૮-૬-૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૮ કલાક બાદ રંગમતી ડેમના દરવાજા ખોલીને નદીમાં પાણી છોડવામાં આવશે.

ઉચ્ચ કક્ષાએથી ડેમની નીચવાસમાં આવેલા ચેકડેમો ભરવા માટેની મંજૂરી પ્રાપ્ત થયા બાદ સોમવારના સવારે રંગમતી ડેમના દરવાજા ખોલીને નદીમાં પાણી છોડવાનું આયોજન કરાયું છે. જેના પગલે તંત્ર દ્વારા નદી કાંઠાના વિસ્તારો અને નીચાણવાળા ગ્રામજનોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. ડેમમાંથી નદીમાં પાણી છોડાવાનું હોવાથી રંગમતી ડેમની નીચવાસમાં આવેલા ચંગા, ચેલા, દરેડ, જામનગર શહેર, જુના નાગના તેમજ નવા નાગના ગામના લોકોએ નદીના પટમાં અવર-જવર ન કરવા ઉપરાંત, માલ-ઢોર રાખતા પશુપાલકો અને નદીના પટમાં શાકભાજી કે અન્ય વાવેતર વાવનારાઓને પણ પોતાના પશુઓ સાથે નદીના પટમાં પ્રવેશ ન કરવા અને સલામત સ્થળે ખસી જવા તાકીદ કરવામાં આવી છે. વધુમાં, રંગમતી સિંચાઈ યોજનાના ઉપરવાસમાં આવેલા ટી.બી.સી. વિસ્તારના જે ખેડૂતોનું પિયત ચાલુ હોય, તેઓને તાત્કાલિક અસરથી પિયત બંધ કરવા જણાવાયું છે. તેમજ નદી કિનારે રાખેલી તેઓની મોટર, પંપ કે અન્ય મશીનરી સુરક્ષિત સ્થળે દૂર કરી જરૂરી વ્યવાસ્થા ગોઠવી લેવા સિંચાઇ વિભાગ દ્વારા સુચના આપવામાં આવી છે.

# જુગારના બે દરોડામાં પાંચ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસે જુગાર સંબંધિત બે દરોડા પાડ્યાં હતાં. લાલપુર નજીક ધરાનગર ધાર પરથી ગંજીપાનાનો જુગાર રમી રહેલાં ત્રણ અને કાલાવડ બસ સ્ટેન્ડ પાસેથી એકીબેકીનો જુગાર રમતા બે શખ્સોને ઝડપી લઇ તમામ સામે ધોરણસની કાર્યવાહી હાથ ધરી છે.

લાલપુર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ધરાનગર ધાર ઉપર મેલડી માતાજીના મંદિર પાસે જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમી રહેલાં ઇબ્રાહીમ રોશન રાઠોડ (ઉ.વ.૫૧, રહે.ધુવાવા હાઉસીગ બોર્ડ જામનગર), રાણાભાઇ રોશનભાઇ રાઠોડ (ઉ.વ.૬૦, રહે. ધુવાવા હાઉસીગ બોર્ડ જામનગર), જુસા રોશનભાઇ પરમાર (ઉ.વ.૬૨, રહે.બાબરીયા તા.લાલપુર જી.જામનગર) નામના ત્રણ શખ્સોને રૂા.૪૧૩૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કાલાવડ ટાઉન પોલીસે બસ સ્ટેશન પાસે રીક્ષા સ્ટેન્ડમાં જાહેરમાં એકીબેકીનો જુગાર રમી રહેલાં રીમોહસીનભાઇ દાઉદભાઇ પઠાણ (ઉ.વ.૩૪, રહે.પંજેતનનગર, કાલાવડ જી.જામનગર), શાહનવાજભાઇ કરીમભાઇ અભેસોરા (ઉ.વ.૨૧, રહે.કુંભનાથપરા, કાલાવડ જી.જામનગર) નામના બે શખ્સોને રૂા.૧૨૫૦ ની રોકડ સાથે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં વોર્ડ નં.૧૨ના કોર્પોરેટરની રજૂઆતને લઇને તંત્ર એકશનમાં






**સમય સંદેશઃ જામનગર**

ચોમાસાની ઋતુ નજીક આવતાં શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુચારૂ રહે અને નાગરિકોને પાણી ભરાવાની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે વોર્ડ નં. ૧૨ના કોગ્રેસના કોર્પોરેટર સહારાબેન મકવાણાએ જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા સમક્ષ લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે દર વર્ષે ભારે વરસાદ દરમિયાન શહેરના વિવિધ નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે, જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શહેરના ડ્રેનેજ નેટવર્ક, ગટરલાઈનો, વરસાદી પાણીના નિકાલના માર્ગો, નાળા તેમજ અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં સમયસર અને અસરકારક પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ખાસ કરીને વોર્ડ નં. ૧૨ને જોડતા કાલાવડ નાકા પાસેનો પુલ હાલમાં નિર્માણાધીન હોવાથી ત્યાં ડાયવર્ઝન વ્યવસ્થા અમલમાં છે. ભારે વરસાદ દરમિયાન આ ડાયવર્ઝનને અસર પહોંચે તેવી સંભાવના હોવાથી મહારાજા સોસાયટીથી અન્નપૂર્ણા ચોકડી તરફ નદીના પટ પાસે આવેલ કોઝવે માર્ગ મહત્વના વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગી બની શકે છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું હતું કે હાલ કોઝવેની નીચે અને આસપાસના વિસ્તારમાં મોટી માત્રામાં કચરો, ગંદકી, માટી તેમજ ઝાંખરા જમા થયેલા છે, જેના કારણે વરસાદી પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો થવાની શક્યતા છે. જો સમયસર સફાઈ નહીં કરવામાં આવે તો ભારે વરસાદ દરમિયાન પાણીનો પ્રવાહ અટકી કોઝવેને નુકસાન પહોંચવાની તેમજ માર્ગ વ્યવહાર ખોરવાવાની સંભાવના રહેલી છે. આ માર્ગનો ઉપયોગ આસપાસના વિસ્તારોના હજારો નાગરિકો દૈનિક ધોરણે કરતા હોવાથી તાત્કાલિક સફાઈ કામગીરી હાથ ધરવા વિનંતી કરવામાં આવી હતી.

કોર્પોરેટર સહારાબેન મકવાણાની રજૂઆતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાએ ત્વરિત કામગીરીના હુકમ કર્યા હતા. ત્યારબાદ આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણાવા, સોલિડ વેસ્ટ વિભાગના કાર્યપાલક ઈજનેર કેતન કટેશિયા તથા તેમની ટીમ દ્વારા સ્થળ મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું અને જરૂરી સફાઈ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે સહારાબેન મકવાણાએ લોકહિતના પ્રશ્નને ગંભીરતાથી લઈ તાત્કાલિક પ્રતિસાદ આપનાર કમિશનર દીપેશ કેડિયા, આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણાવા, કાર્યપાલક ઈજનેર કેતન કટેશિયા તેમજ મહાનગરપાલિકાની સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ચોમાસા પૂર્વે જરૂરી કામગીરી સમયસર પૂર્ણ થવાથી નાગરિકોને રાહત મળશે અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ સુચારૂ બની શકશે.

# જામનગરઃ મિત્રોમાં વાહવાહી મેળવવા એક્ટિવા પર બુલેટની ફેક નંબર પ્લેટ લગાવી ફરતો શખ્સ CCTV કેમેરાની મદદથી ઝડપાયો

## ટેકનિકલ એનાલિસિસ અને અંબર ચોકડી પાસે વોચ ગોઠવી આરોપીને દબોચી લેવાયોઃ શોખ અને સોશિયલ મીડિયામાં વટ પાડવા ગુનો આચર્યો, ઓરિજનલ નંબર પ્લેટ પણ એક્ટિવામાંથી જ મળી આવી





**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ફેક નંબર પ્લેટ લગાવીને ફરતા વાહનચાલકોને પકડી પાડવા માટે રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિર્લિપ્ત રાય અને જામનગર પોલીસ અધિક્ષક શ્રી ડો. રવિ મોહન સૈની તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જયવિરસિંહ ઝાલાની સૂચનાથી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને ટ્રાફિક શાખા દ્વારા ખાસ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન, હનુમાન ગેટ લોકેશન પાસેથી પસાર થતા એક બ્લેક કલરના એક્ટિવા (નંબરઃ GJ-10-EK-1111) પર RTO માન્ય ન હોય તેવી નંબર પ્લેટ જોવા મળી હતી. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફે ઈઝખજ (ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ) પર આ નંબર સર્ચ કરતાં તે એક્ટિવાનો નહીં, પરંતુ રોયલ એન્ડફિલ્ડ કંપનીની 'હંટર-૩૫૦' બુલેટનો હોવાનું ખૂલ્યું હતું. જેથી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના પી.એસ.આઈ. બી.બી. સિંગલે તાત્કાલિક ટ્રાફિક પોલીસ ઇન્સ્પેક્ટર એસ.વી. ચૌધરીને જાણ કરી વાહનની તપાસ માટે ટીમો રવાના કરી હતી.

ટ્રાફિક અને સીસીટીવી સ્ટાફની ટીમોએ આ ફેક નંબર પ્લેટ વાળા વાહનનું ટેકનિકલ એનાલિસિસ કરી મુવમેન્ટ ચેક કરતાં તેની હાજરી અંબર ચોકડી આસપાસ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ટ્રાફિક પી.એસ.આઈ. એમ.જે. વાળા અને હેડ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ વાળાએ અંબર ચોકડીથી જી.જી. હોસ્પિટલ રોડ તરફ વોચ ગોઠવી હતી. દરમિયાન રાત્રે ૨૦:૦૦ વાગ્યાની આસપાસ આ શંકાસ્પદ એક્ટિવા 'નિયો સ્ક્વેર એવેન્યુ' પાસે પાર્ક કરેલું મળી આવ્યું હતું. પોલીસે આસપાસ તપાસ કરીને વાહનચાલક પૃથ્વિ રમેશભાઇ ગોલારાણા (રહે. જૂનો કુંભારવાડો, જામનગર) ને બોલાવ્યો હતો. પોલીસ ટીમે એક્ટિવાના ચેસીસ નંબર મેળવીને ITMS સિસ્ટમમાં સર્ચ કરતાં આ વાહનનો અસલી નંબર 'GJ-10-EK-૧૫૦૮' હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે પકડાયેલા આરોપી પૃથ્વિ ગોલારાણાની કડક પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે, આ એક્ટિવા તેની માલિકીનું જ છે, પરંતુ માત્ર પોતાના શોખ ખાતર અને મિત્રો વર્તુળમાં વાહવાહી મેળવવા તેમજ વટ પાડવા માટે તેણે ફેન્સી (૧૧૧૧) નંબરવાળી ખોટી

અનુ પાના નં.૨ પર

# જામનગરના મોરકંડા ગામે ગ્રા.પં.ની મુલાકાત લેતા કલેક્ટર પી.બી.પંડ્યા




**સમય સંદેશઃ જામનગર**

જામનગર ગ્રામ્ય તાલુકાના મોરકંડા ગામે ગ્રા. પં.ની મુલાકાતે કલેક્ટર પી.બી.પંડ્યાએ લઈ સામાન્ય દફતર તપાસણી કરી હતી. તેમજ આરોગ્ય કર્મીઓ સહ સંવાદ કરી આરોગ્ય સુવિધા બાબતે સૂચના આપી હતી. ભૂલકાંઓની આંગણવાડીની મુલાકાત લઈ સરકારશ્રીની યોજનાઓના લાભ લોકો સુધી પહોંચી રહે તે અર્થે સૂચના આપી હતી.

# આવતીકાલથી શાળાઓ ધમધમશેઃ શિક્ષણમાં મોંઘવારીના મારથી વાલીઓ પરેશાન

## સ્ટેશનરી, સ્કુલ યુનિફોર્મ સહિતની શૈક્ષણિક ચીજવસ્તુઓની ખરીદી માટે ભારે ભીડઃ સ્ટેશનરીના, યુનિફોર્મમાં, સ્કુલ વાહનમાં ૧૦થી ૨૦ ટકા જેટલો ભાવ વધારોઃ વિદ્યાર્થીઓએ ઉનાળુ વેકેશનની મોજ માણ્યા બાદ સોમવારથી ભેંકાર ભાસતી શાળાઓમાં બાળકોના આગમનથી ચેતનવંતા પ્રાણ પુરાશે

**સમય સંદેશઃ જામનગર**

સોમવાર થી આશરે જામનગર શહેર અને જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આશરે હજારો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે વેકેશન ખુલી જશે શાળા મહાશાળાઓમાં અધ્યયન કાર્ય શ થશે. આ સાથે જ વાલીઓ ઉપર મોંથવારીનો બોજ આવશે અને બાળકને સ્વનિર્ભર શાળામાં ભણાવવાનો ખર્ચ ૧૦ ટકા વધી જશે તેમ વિવિધ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

માધ્યમિક શાળાઓનું ભણતર સૌથી મોંધુ હોય છે.



તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં આ બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનું ધો.૧૧,૧૨માં વાર્ષિક ફી રૂા.૧.૩૦થી ૧.૫૦ લાખ જેટલી છે. સેલ્ફ ફાયનાન્સની પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલમાં વિદ્યાર્થીદીઠ વર્ષે અંદાજે રૂમ. ૧૫૦૦૦થી ૩૦,૦૦૦ કી, ઉપરાંત રૂા. ૧૦ હજાર સ્કૂલ બસ કે રિક્ષાવાનમાં આવવા જવાનો ખર્ચ હોય છે. આ પૈકી સ્કૂલ-બસ,વાનના ભાડા માસિક રૂા ૧૦૦થી ૨૦૦ વધારી વધારો તોળાઈ રહ્યો છે. આ ખર્ચ ઉપરાંત દેવાયા છે. સ્કૂલફીમાં આશરે ૧૦ ટકા

અનુ પાના નં.૨ પર

# બિમારીથી કંટાળી જઈ વૃદ્ધે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## ખંભાળીયા : કામ-ધંધાના અભાવે શિક્ષિત યુવાને જિંદગી ટૂંકાવી લેતાં અરેરાટી

**સમય સંદેશઃ જામનગર-ખંભાળિયા**

જામનગર શહેરના કિશાન ચોક વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષિય વૃદ્ધે લાંબા સમયથી ચાલતી શારીરિક પીડાથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ મથકે નોંધાયો છે. બનવાની જાણના આધારે પોલીસે મોત અંગેની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે મૃતક ના પુત્ર ભરતભાઈ લાલજીભાઈ વાઘેલાએ સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાહેર કર્યું હતું કે તેમના પિતા લાલજીભાઈ અરજણભાઈ વાઘેલા (ઉ.વ.૬૦, રહે. કિશાન ચોક, ઉનની કંદોરીની સામે, જામનગર) નામના વૃધ્ધને છેલ્લા લગભગ બે વર્ષથી પગની ગોઠણ અને ઘૂંટીના ગંભીર દુખાવાથી પીડાઈ રહ્યા હતા.

દુખાવાના કારણે તેઓ યોગ્ય રીતે હલનચલન પણ કરી શકતા નહોતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે સતત શારીરિક પીડા અને ચાલવામાં પડતી મુશ્કેલીઓથી કંટાળી ગયેલા લાલજીભાઈએ પોતાના નિવાસસ્થાને ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકના પુત્ર ભરતભાઇ વાઘેલાએ પોલીસને જાણ કરતાં સીટી એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.આર.સાગઠિયા સહિતનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી મોત અંગેની નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તાલુકાના વડત્રા ગામે રહેતા હિતેશભાઈ નારણભાઈ નંદાણીયા ગામના ૨૭ વર્ષના યુવાને ગઈકાલે શુક્રવારે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું.

મૃતક યુવાને આઈટીઆઈ કર્યું હોય, અને તેમણે ઘણા સમયથી નોકરી શોધવા છતાં કોઈ કામ ધંધો મળતો ન હોવાથી આ બાબતે તેમને મનમાં લાગી આવતા તેમણે ઉપરોક્ત પગલું ભર્યું હોવાનું જાહેર થયું છે. આ બનાવ અંગે ખંભાળિયા પોલીસે મૃતકના પિતા નારણભાઈ લખમણભાઈ નંદાણીયા (ઉ.વ. ૫૫, રહે. વડત્રા) ની નોંધ પરથી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ઠેબામાં સગર્ભા સહિત ત્રણ ઉપર હુમલોઃ જેઠ-જેઠાણી સામે ફરિયાદ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ઠેબામાં સામાન્ય બાબતે મોટું રૂપ ધારણ કર્યું હતું આ દરમિયાન ઠેબા ગામે રહેતા પતિ, પત્ની અને ભાઈ સહિત ૩ વ્યક્તિઓ પર હુમલો કરાયો હતો. એટલું જ નહી કુટુંબી જેઠ જેઠાણીએ ઝઘડામાં છોડાવવા વચ્ચે પડેલા સગર્ભા મહિલાને પણ લાતો મારી પછાડી દેતા તેણીને જી.જી. હોસ્પિટલ ખસેડાઈ છે. જે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

ક્રીષ્નાબેન મનમીતભાઇ પીઠડીયા (રહે. ઠેબા ગામ રામદેવપીરના મંદીર સામે તા.જી.જામનગર) એ પોતાના કુટુંબી એવા જીતુ મહેશભાઇ પીઠડીયા અને જ્યોતીબેન જીતુભાઇ પીઠડીયા (રહે. બન્ને ઠેબા ગામ) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર સગર્ભા મહિલા ક્રિષ્નાબેન મનમીતભાઈ પીઠડીયાના સસરા હરીશભાઇની ઉત્તરક્રીયા (દાડો) હોવાથી ફરિયાદીના કુંટુંબી જેઠ જીતુભાઇ મહેશભાઈ પીઠડીયાના ઘરે રહેતા દાદી ઘરે આવ્યા હતા. બાદમાં દાદીને કુંટુંબી જેઠ જીતુભાઈ તથા કુંટુંબી સસરા મહેશભાઈ બંન્ને લેવા આવ્યા હતા.

આ દરમિયાન દાદી વજીબેને તેઓને કહ્યું કે તમે અત્યારે ચાલ્યા જાવ પછી હુ ઘરે આવતી રઈશ. તેમ કહેતા જીતુભાઇ ઉશ્કેરાઈને ધમકી આપીને ઘરે ચાલ્યા ગયા હતાં બાદમાં ફરીથી બપોરના આશરે સાડા બારેક વાગ્યે ફરિયાદીના કુંટુંબી જેઠ જીતુભાઈ પીઠડીયા તથા જેઠાણી જ્યોતીબેન બન્ને ફરિયાદીના ઘરે આવ્યા અને તેણીના પતિને માર મારવા લાગ્યા હતા.

વધુમાં ફરિયાદીના જેઠ ઉદયભાઈ વચ્ચે પડતા આ જીતુભાઈ તથા જ્યોતીબેન તેમની સાથે પણ ઝઘડો કર્યો હતો. પતિ તથા જેઠને મુંઢમાર મારતા ફરિયાદી વચ્ચે પડતા જીતુભાઈએ સગર્ભા ફરિયાદીને પેટમાં લાત ઝીંકી લીધી હતી. તેમજ આરોપી જ્યોતીબેનને ફરિયાદી મહિલાને ધક્કો મારતા તેણી જમીન પર નીચે પડી ગઈ હતી. આરોપીઓએ ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાથી ચાલ્યા ગયેલ અને મને ૧૦૮ એમ્બ્યુલન્સમા સારવાર માટે જામ. જી.જી.હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા. હાલ મહિલાની સારવાર ચાલી રહી છે.

# રખડતા ઢોર, શ્વાનના ત્રાસની ફરિયાદ અંગે જામ્યુકોની હેલ્પલાઇન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમા રહેતા દરેક વ્યક્તિ પોતાના વિસ્તાર મા યોગ્ય સાફ સફાઈ, મચ્છરનો ઉપદ્રવ, ખરાબ રોડ રસ્તા, મરેલા જાનવરો, ડ્રેનેજ વિભાગ ,ઓછા ફોર્સ થી પાણી, ટીપર વાન, સ્ટ્રીટ લાઈટ, કુતરા નો ત્રાસ, રખડતા ઢોર, જંતુ નાશક દવા નો છંટકાવ જેવી જામનગર મ્યુનિસિપલ ને લગતી કોઈ પણ ફરિયાદ હોય તો ૦૨૮૮ ૨૫૫૦૧૩૧ નંબર ઉપર ફોન ચોક્ક્સ કરો.

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ફરીયાદ વિભાગ ૦૨૮૮ ૨૫૫૦૩૨ નંબર ઉપર ચોવીસ કલાક ગમે ત્યારે ફરિયાદ નોંધાવી શકો છો . જો સફાઈ કામદારો દરરોજ સફાઈ નો કરતા હોય, નળ મા પાણી પુરા ફોર્સ થી ન આવતુ હોય તો તુરંત ફરીયાદ નોંધાવો. કારણ આપ વેરો ૩૬૫ દીવસ ના ભરતા હોય છો, તો પછી કામ ન ઉકેલાય તે કેવી રીતે ચાલે....કમ સે કમ સફાઈ તો દરરોજ થવી જ જોઈએ. તમે ફક્ત તમારી આળસ થી તમારો ગલી,મહોલ્લો ચોખ્ખો નથી રાખતા.., જામનગર ની વસ્તી પ્રમાણે દરરોજ ની રેગુલર ફરીયાદ નોંધાવો..તેમા આળસ નો કરો...( જો ફોન બંધ થઈ જાય તો ઓન લાઈન જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ની એપ ઉપર પણ ફરીયાદ નોંધાવી શકો છો ) યોગ્ય ન થતાં દરેક કામ ની દરરોજ ફરિયાદ નોંધાવો, આ નંબર પર ની ફરિયાદ કમિશનર ઓફિસ ઉપર જતી હોવાથી તમારું કામ નાના મોટા દરેક કર્મચારી ને કરવુ જ પડશે.

તમે આ નંબર ઉપર ફોન કરો તો ફોન રેકોર્ડીંગ કરી લેવુ જેથી કરીને ફોન ઉપર તોછડો જવાબ કે ફરિયાદ નોંધાવતાં કઈ આનાકાની થાય તો મીડિયા ની મદદ લઇ શકાય...ટોલ ફ્રી નંબર૧૮૦૦૨ ૩૩૦૧૩૧ અધીકારી ના પગાર કાઢવા સરકાર સખત મહેનતે દરેક જગ્યાએ થી પ્રજાજનો પાસે થી રૂપિયા કોઈ પણ રીતે કઢાવી રહી છે...પરંતુ આપણા કામ નથી થતા તો એક ફોન કરીને આપણા ભરેલા નાણાં નું વળતર મેળવી અને કર્મચારીગણ અને અધીકારી ને પણ આપણા કામ માટે વેગવંતા રાખીયે. દરેક અધિકારી પણ હવે એ જાણીલે કે તમારે જુની રૂઢી મુકી હવે કામ તો ઈમાનદારી થી કરવુ જ પડશે.. અને કમિશનર ને પણ તોજ ખબર પડશે કે મહાનગરપાલિકાના તંત્રની ફોજ મા કેટલા લોકો કામઢા છે...જામનગર ની પ્રજા ને કેટલી સમસ્યા છે... પ્રજાને ખરેખર તેના ભરેલા નાણા નુ યોગ્ય વળતર મળે છે..જામનગર નો ક્રમાંક દેશ લેવલે સફાઈ અને પબ્લીક સર્વીસ મા ખરેખર કેટલા મોખરે છે.

# જામખંભાળીયામાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાતા કાયદેસરની કાર્યવાહી



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના ધરારનગર વિસ્તારમાં આવેલા આશાપુરા ચોક ખાતે રહેતા નવલ ઘેલાભાઈ ગંઢ નામના ૫૯ વર્ષના શખ્સના રહેણાંક મકાનની બાજુમાં આવેલી શેરીમાં બેસીને જુગાર રમી રહેલા નવલ ઘેલાભાઈ ગંઢ, ખેતા ઘેલાભાઈ ધારાણી અને મનોજ ભોજાભાઈ શાખરા નામના ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઇ, કુલ રૂપિયા ૧૦,૪૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી ખંભાળિયાના પી.આઈ. સી.આર. રાણાની સૂચના મુજબ હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા અને અરજણભાઈ આંબલીયાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરના હોલીડે વોટરપાર્કમા દુર્ઘટનાઃ પાણીમાં ડૂબી જતા બાળકનું કરૂણ મોત

## હાપાના યોગેશ્વરધામમાં રહેતા પરિવાર સાથે બાળકો ન્હાવા ગયા હતા અરેરાટી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ હાઈવે પર જાંબુડા પાટિયા નજીક આવેલા હોલીડે વોટરપાર્કમાં તા. ૫ ના રોજ ગુરુવારે કરૂણ દુર્ઘટના સર્જાઈ હતી. પાણીમાં ડૂબી જતા બાળકનું મોત થતા જાંબુડા પાટિયા નજીકના વોટરપાર્કમાં પરિવારની મોજમસ્તી માતમમાં ફેરવાઈ ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ બનાવ સ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગઇ હતી. આ ઘટનાને લઇ પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. વેકેશનને



તસવીરઃ હિરેન ગાંધી

પગલે જામનગરના હાપા વિસ્તારમાં આવેલા યોગેશ્વરધામમાં રહેતા એક પરિવાર માતા, પિતા અને બે બાળકો સાથેનો પરિવાર જામનગરના જાંબુડા નજીક આવેલા હોલીડે રિસોર્ટમાં ગયા હતા આ વેળાએ માતા પિતા અલગ જગ્યાએ ન્હાતા હતા.

અને બાળકો પણ બાજુમાંઆ અલગ જગ્યાએ ન્હાતા હતા. આ દરમિયાન હર્ષ કિરીટભાઈ પરમાર (ઉ.વ.૯) નામનો બાળક કોઈ કારણસર પડી ગયા બાદ ડુબવા લાગતા

અનુ પાના નં.૨ પર


# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સોળ પી.એસ.આઇ.ની આંતરિક બદલી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા દ્વારા જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા કુલ ૧૬ પી.એસ.આઈ.ની આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં મીઠાપુરના જે.એમ. અગ્રાવતને રીડર શાખામાં, એમ.આર. બારડને ઓખાથી ભાણવડ, એસ.એસ. ચૌહાણને ફેરોલ સ્કવોડમાંથી રીડર ટુ એસ.સી. એસ.ટી. સેલ ડીવાયએસપી, વી.આર. શુકલને કલ્યાણપુરથી દ્વારકાધીશ મંદિર સુરક્ષા, કે.એમ. જાડેજાને રીડર શાખામાંથી ઓખા મરીન, કે.કે. મારુને બેટ દ્વારકાથી ખંભાળિયા, ડી.એ. વાળાને દ્વારકાથી લીવ રિઝર્વ, એચ.એચ. હરસોડાને દ્વારકાધીશ મંદિર સુરક્ષામાંથી મહિલા પોલીસ સ્ટેશનમાં, બી.કે. કડછાને ભાણવડથી સાઇબર ક્રાઈમ વિભાગમાં. જે.ટી. ચાવડાને ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં, એમ.આર. રાજપૂતને જિલ્લા ટ્રાફિક

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પરપ્રાંતિય યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

મૂળ ઝારખંડના રાંચી જિલ્લાના ડોલાય ચામુંડા ગામના વતની અને હાલ જામનગરના કે.વી.રોડ ઉપર આવેલા સિદ્ધનાથ કોમ્પ્લેક્ષના શ્રીજી ગેસ્ટ હાઉસમાં રહેતાં રાહુલ કુમારસિંહ નકુલસિંહ (ઉ.વ.૩૨) નામના યુવાને ગત તા.૪ના રાત્રિના સમયે કોઇપણ કારણસર રૂમમાં છતમાં લગાડેલ પંખામાં ચાદર વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.

આ અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાતા ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સના તબીબોએ તેનું મૃત્યુ નિપજયાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે અંગે રૂપેશ ઉપેન્દ્ર મંડલ દ્વારા પોલીસને જાણ કરાતા પોલીસ ઘટના સ્થળે પહોંચી જઇ મૃતદેહનો કબ્જો સંભાળી પીએમઅર્થે ખસેડી મૃતક યુવાનની આત્મહત્યા પાછળનું કારણ જાણવા સહિતની તપાસ હાથ ધરી હતી. આ અંગે સિટી બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પી.કે.વાઘેલા આગળની તપાસ ચલાવી રહ્યાં છે.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.માં સગાવાદ અને નાણાકીય ગેરરીતિના ગંભીર આક્ષેપોઃ કરોડોના ખર્ચે શાહી ઠાઠ ભોગવતા હોવાનો આક્ષેપ

## રવીન્દ્ર જાડેજા જેવા સ્ટાર ક્રિકેટર આપનાર કોચ મહેન્દ્રસિંહ ચૌહાણની પણ ઉપેક્ષા

**સમય સંદેશઃ જામનગર**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના વહીવટ, મનસ્વી નિર્ણયો અને પરિવારવાદ મુદ્દે ક્રિકેટ જગતમાં મોટો ગરમાવો આવી ગયો છે. જામનગર રૂરલ એસોસિએશનના આજીવન સભ્ય સહદેવસિંહ ચુડાસમાએ એક વીડિયો બાઈટ જાહેર કરીને એસોસિએશનના સત્તાધીશો સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સીધો સવાલ ઉઠાવ્યો છે કે, જઈઅ દ્વારા રૂ. ૩.૫ કરોડના જંગી ખર્ચે ૨૫ લોકોની ક્ષમતાવાળું જે ખાસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે, તેનો ઉપયોગ કોના માટે થઈ રહ્યો છે? તાજેતરમાં રમાયેલી ફાઇનલ મેચનો ઉલ્લેખ કરતાં તેમણે આક્ષેપ કર્યો કે સત્તાધીશો ટ્રસ્ટના પૈસે પોતાના પરિવારના સભ્યોને ત્યાં લઈ જઈને શાહી ઠાઠ ભોગવે છે, જ્યારે તેની નીચે આવતા અન્ય ૨૦ જિલ્લા એસોસિએશનમાંથી કોઈને આમંત્રણ પણ આપવામાં આવતું નથી અને તેમને તુચ્છ ગણવામાં આવે છે.



સહદેવસિંહ ચુડાસમાએ એસોસિએશનની માનસિકતા સામે રોષ ઠાલવતા જણાવ્યું કે, જેમના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ તૈયાર થાય છે તેવા પાયાના કોચની પણ અહીં ઘોર અવગણના કરવામાં આવે છે. પોરબંદરના જયદેવ ઉનડકટના કોચ હોય કે જામનગરના મહેન્દ્રસિંહ ચૌહાણ (જેમણે રવીન્દ્ર જાડેજા જેવા દિગ્ગજ ઓલરાઉન્ડર આપ્યા), તેમને પણ મેચોમાં આમંત્રિત કરવામાં આવતા નથી. તેમણે બાકીના ૨૦ જિલ્લા એસોસિએશનોને સત્તાધીશોનો સાથ આપવાનું બંધ કરવા અપીલ કરતાં કહ્યું કે, જિલ્લાના ક્રિકેટ એસોસિએશનોની કોઈ નોંધ લેવાતી નથી અને તેમને વહીવટદારો દ્વારા માત્ર ૩૬ કે ૪૮ બોલ આપીને રવાના કરી દેવાય છે, જ્યારે તમામ મુખ્ય સુવિધાઓનો લાભ માત્ર ચોક્કસ લોકો જ ખાટી જાય છે. જો આ તમામ એસોસિએશનોને સાથે રાખી યોગ્ય વહીવટ નહીં થાય, તો આગામી સમયમાં જોરદાર 'હલ્લાબોલ' આંદોલન કરવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com